# ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન
## બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ, ગાંધીનગર

ટેલીફોન નં.૦૭૯-૨૩૨૫૩૮૮૭, ૨૩૨૫૩૮૯૧, ૨૩૨૫૬૮૪૬

## જાહેર ખબર

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા નીચે જણાવેલ યોજનાઓ અમલમાં છે.

૧) આદિજાતિના ઈસમોને **સ્વરોજગારી યોજના** હેઠળ વાર્ષિક ૬%ના દરે અત્રેની વેબસાઈટમાં દર્શાવેલ જુદા જુદા હેતુઓ માટે રૂ.૨.૦૦ લાખની મર્યાદામાં લોન આપવાની યોજના.

૨) આદિજાતિ વિસ્તારમાં **સંસ્થાગત નાહરી કેન્દ્ર** માટે વાર્ષિક ૬%ના દરે રૂ.૫.૦૦ લાખની લોન તથા રૂ.૫.૦૦ લાખ સબસિડી આપવાની યોજના.

૩) આદિજાતિ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ધોરણ-૧૨ પછી **વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે** વાર્ષિક ૪%ના દરે રૂ.૧૫.૦૦ લાખની યોજના.

૪) આદિજાતિ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને ધોરણ-૧૨ પછી **પાયલોટ તાલીમ માટે** વાર્ષિક ૪%ના દરે રૂ.૨૫.૦૦ લાખની યોજના.

૫) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જવા માંગતા આદિજાતિના ધોરણ-૧૨માં ૫૦% થી વધુ માર્કસ મેળવેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીઓને **"IELTS & TOFEL"** ની જરૂરી તાલીમ આપવાની યોજના.

૬) દરિયાકાંઠાના વિસ્તારોમાં આદિજાતિના **માછીમારીના હેતુ** માટે જૂથ દીઠ વાર્ષિક ૬%ના દરે રૂ.૬૦.૫૦ લાખની લોન/સહાય માટે કુલ-૧૧ સભ્યો ધરાવતાં જૂથને ધિરાણ આપવાની યોજના.

**પાત્રતા:-**

૧. અરજદાર આદિજાતિના હોવા જોઇએ.

૨. ઉંમર ૧૮ વર્ષથી ૫૫ વર્ષ સુધીની હોવી જોઇએ.

૩. વાર્ષિક આવક-કુટુંબની બધી મળીને વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ તથા શહેરી વિસ્તાર માટે રૂ. ૧,૫૦,૦૦૦ની મર્યાદામાં હોવી જોઇએ.

ઉપરોક્ત જણાવેલ યોજનાઓની માહિતી-અરજીફોર્મ નિગમની વેબસાઇટ https://adijatinigam.gujarat.gov.in પર ઓનલાઈન તેમજ ઓફલાઈન અરજી છેલ્લી તા:-૩૦-૧૨-૨૦૧૯ સુધી કરી શકાશે.

કાર્યપાલક નિયામક
ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન
ગાંધીનગર